### સંવાદ

માનવના આત્મા અને શરીર વચ્ચે પાપ ઉપર ચર્ચા વધી પડી. ચર્ચાએ ઉગ્ર રૂપ લીધું. શરીર આવેશમાં લાલ-ચોળ થઇ ગયું:

"હું તો માટીનો પિંડ છું. પંચ-ભૂતનો સમૂહ માત્ર છું. મોહ ઉત્પન્ન કરનાર વસ્તુઓને હું સંવેદી પણ ન શકું. મારાથી પાપ થાય જ કેમ?"

આ સાંભળી આત્મા ચૂપ રહે તો એ ચેતન શાનો? એણે પણ એવી જ યુક્તિથી ઉત્તર વાળ્યો:

"પાપ કરવાનું સાધન જ મારી પાસે ક્યાં છે? મારે ઇંદ્રિયો જ ક્યાં છે? ઇંદ્રિયો વિના પાપ થઈ શકે ખરાં? ઇંદ્રિયો દ્વારા જ તો કામના તૃપ્ત થાય છે. હું અરૂપી પાપી હોઈ શકું જ કેમ?"

ઉગ્ર ચર્ચા અને પ્રસરેલી નિરવ શાન્તિમાં પરમાત્માની વાણી સંભળાઇ.

"પાપનું સર્જન દ્વન્દ્વમાંથી થાય. પાપમાં તમે બન્ને સરખા ભાગીદાર છો. શરીરમાં આત્મા પ્રવેશે તો જ એમાં વેગ આવે. બન્નેના સહકારે જ પાપ જન્મે. આત્મા વિનાનું શરીર જડ છે. જડના સંગ વગરનો આત્મા પરમાત્મા છે. શરીર અને આત્માનો સંગ એ જ તો સંસાર છે."



# દિવ્યદીપ

વર્ષ ૪ થું

અંક ૬ ઠ્ઠો

જ્યોતના રૂપથી આકર્ષાયેલા પતંગે જ્યોતને આલિંગન આપતાં કહ્યું: "મારું તો જીવન જ તું છો."

પતંગને પોતાની જ્વાળામાં લપેટી લેતાં જ્યોતે આથી વધારે કંઈજ ન કહ્યું "અને તારું મૃત્યુ પણ હું જ છું."

'ચિત્રભાનુ'

# પરિસંવાદ

પૂ. ગુરુદેવ પાસે અનેક ભકતો આવે છે અને પોતાના મનની શંકાનું સમાધાન મેળવે છે. તા. ૧૬-૧૦-૬૭ સોમવારના સાંજે સાક્ષરવર્ય શ્રી. એ. એન. જોષી કોઇ અનોખા પ્રશ્નનું નિવારણ કરવા આવ્યા.

શ્રી જોષીના મનમાં જૈન રામાયણ વિષે શંકા ઊભી થઈ હતી. જૈન રામાયણ સાચું કે વાલ્મીકિ રામાયણ સાચું ? અને બે રામાયણ શા માટે ? શ્રી જોષીએ આ અંગે ઘણા જૈન આચાર્યોને પૂછ્યું હતું પણ તેમને સંતોષકારક ઉત્તર મળ્યો ન હતો.

પૂ. શ્રીએ શાંતિથી ઉત્તર આપતાં કહ્યું કે મારું સાચું કે તમારું સાચું એમ કરવા કરતાં જે સાચું અને સારું હોય એને જ મારું કરી અપનાવવું એ પ્રાજ્ઞનું કામ છે.

ગાંધીજી વૈષ્ણવ હતા પરંતુ એમને બીજી દૃષ્ટિએ જોતાં એ સાચા જૈન પણ હતા. કારણકે અહિંસા, સત્ય અને સંયમને એમણે પોતાનાં જીવનસાધન બનાવ્યાં હતાં.

**It all depends on the way you look at it.**

જૈન રામાયણની જેમ બુદ્ધ રામાયણ પણ છે, અને બીજાં પણ અનેક છે. આટલાં બધાં રામાયણ હોવાનું કારણ શું એ વિચારો. રામ એક એવા પરમ પુરુષ હતા કે એ સૌને ભાવ્યા. એમની વિભૂતિમત્તાએ સહુના હૃદયમાં સ્થાન મેળવ્યું એટલે જ તો આટલાં બધાં રામાયણ છે. હવે જૈન રામાયણની વિશિષ્ટતા વિચારીએ.

વાલ્મીકિ રામાયણમાં જ્યારે શ્રી લક્ષ્મણ સીતાને એકલા છોડીને જવા ના કહે છે ત્યારે સીતા કહે છે કે તારી નજર મારા ઉપર બગડી છે. તો શું સીતા જેવી આર્ય અને આદર્શ નારી આવા હલકા શબ્દો કહે ખરી ?

અને લંકાવિજય પ્રાપ્ત થયા પછી શ્રીરામે સીતાને કહ્યું કે તું પારકાને ઘેર રહી છે એટલે હું તને નહિ અપનાવું. સીતાએ પૂછ્યું કે ત્યારે આ બધું યુદ્ધ શા માટે લડ્યા ? ત્યારે રામચંદ્રજીએ કહ્યું કે આ યુદ્ધ તારે માટે નહિ પણ મારી કીર્તિ માટે ! તો શું રામચંદ્રજી આવી વાત કરે ખરા ?

જૈન રામાયણમાં આવી ખરાબ વાતોને સ્થાન જ નથી. સુવર્ણના હરણની વાત તો આવતી જ નથી. હા, જૈન રામાયણમાં રાવણ ખૂબ વિદ્વાન હતા, પરમ ભક્ત હતા અને હાલમાં નરકમાં છે તે આગળ જતાં તીર્થંકર થશે એમ જણાવવામાં આવ્યું છે.

એ કર્મનો સિદ્ધાન્ત છે. જેણે ખરાબ કામ કર્યાં હોય પછી તે મહાવીર હોય કે રાવણ હોય પણ તેને નરકમાં જવું જ પડે. નરકમાં અસહ્ય યાતના ભોગવ્યા બાદ ખરો પશ્ચાત્તાપ થાય તો એ જીવ પાછો ઊંચે આવી શકે એ રહસ્ય આમાં રહેલું છે.

આમ જુઓ તો એકે રામાયણ રામના સમયનું નથી. બધાં રામાયણ પાછળથી સર્જન કરવામાં આવ્યાં છે.

કવિશ્રી રાજેન્દ્ર શાહે ચર્ચામાં ભાગ લેતાં ગીતાનો ઉલ્લેખ કર્યો ત્યારે પૂ. શ્રીએ જણાવ્યું "કોઇ ગીતાને ઉતારી પાડે એટલા માત્રથી એનું સ્થાન કે મહત્ત્વ ઓછું થઈ જતું નથી. જે ગીતામાંથી આવું સુંદર સર્જન થયું, જેમાંથી આજે પણ હજારો પ્રેરણા મેળવે છે એ ગીતાનો કોણ આદર ન કરે ? ભલે બીજા આચાર્યો ગીતાને ગણકારતા ન હોય પણ હું તો ગીતાને આદરથી વાંચી ગયો છું."

યુદ્ધમાં ઉપદેશ ન હોય ત્યાં તો માત્ર સૂચન જ હોય. પછી સૂચન સર્જનની ભૂમિકા બની જાય છે.

ચર્ચાના અંતે પૂ. શ્રીએ જણાવ્યું કે બધા જ ધર્મો એક કૂવાનાં પાણી જેવા છે. એમાંથી મુસલમાન પાણી લે અને એને ઈસ્લામિયા પાણી કહે. બ્રાહ્મણ લે અને બ્રાહ્મણિયા પાણી કહે. પ્યાલા અને પાત્ર જુદાં પણ પાણી એક.

એ દૃષ્ટિએ જોતાં બધાં આધ્યાત્મિક દર્શનો એક જ બિન્દુની આસપાસ ચક્કર મારે છે. કોઈ અહીંથી શરૂ કરે તો કોઇ ત્યાંથી શરૂ કરે, કેન્દ્રમાં આત્મા છે. એને પિછાનવો અને પામવો એ બધા જ પરિસંવાદનું અંતિમ લક્ષ્ય છે.

# સમ્યગ્ દર્શન

[પૂ. મુનિશ્રી ચિત્રભાનુજીએ તા. ૨-૪-૬૭ના રોજ કોટ શ્રી શાંતિનાથ મંદિરમાં આપેલા પ્રવચનની નોંધ]

સમ્યગ્દર્શન અને મિથ્યાદર્શન એ કોઈ સંપ્રદાયના નામ નથી અને એવો એ કોઈ પંથ નથી કે અમુક વ્યક્તિને માની લો એટલે સમ્યગ્ દર્શન અને અમુકને નહિ માનો એટલે મિથ્યાદર્શન. મિથ્યાદર્શન એ શબ્દ જ બતાવી આપે છે કે એ ખોટું દર્શન છે, એ ભ્રમવાળું દર્શન છે, એ મિથ્યાદર્શન છે. મિથ્યાત્વ મટી જાય અને સાચું દર્શન પ્રાપ્ત થાય ત્યારે એનું નામ સમ્યગ્દર્શન.

સમ્યગ્દર્શન એટલે શું ? આ શરીરમાં એક એવું પ્રકાશમય તત્ત્વ પડ્યું છે જે તત્ત્વ સાધના કરે તો ઊંચામાં ઊંચી ભૂમિકા પ્રાપ્ત કરી શકે અને પરમાત્મા બની શકે એ જ્ઞાન. માણસને ખ્યાલ આવે છે કે દુનિયામાં જે મહાત્માઓ બન્યા, પ્રગતિશીલ સંતો બન્યા અને વિશ્વનાં કલ્યાણમાં જેમણે કાંઈક ફાળો આપ્યો એવા પ્રકાશવંતા શક્તિશાળી માણસો આમાંથી જ બન્યા. પણ બન્યા ક્યારે? આત્માનો વિકાસ કરતા ગયા ત્યારે. એ મહાત્મા બની ગયા તો હું મારા આત્માને એવો શા માટે ન બનાવું ? જેવો આત્મા બીજામાં છે એવો જ આત્મા મારામાં પડેલો છે. એ જાતનું જ્યારથી જ્ઞાન થાય, જ્યારથી દૃષ્ટિ ઉઘડે, જ્યારથી આ આત્મતત્ત્વનું અનુભવમય જ્ઞાન થાય ત્યારથી સમ્યગ્દર્શનનો પ્રારંભ થાય છે.

એ સમ્યગ્દર્શન સ્થૂળ રીતે દુનિયામાં કેવી રીતે ઊતરે છે એ જુઓ. પોતાનું દર્શન થયા પછી દેવનું, ગુરુનું અને ધર્મનું દર્શન થાય છે.

લોકો કહે છે દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા રાખો. પણ દેવ, ગુરુ, ધર્મ ઉપર શ્રદ્ધા ક્યારે થાય કે પહેલાં પોતાને પોતાનામાં શ્રધ્ધા થાય તો પછી દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા થાય. જેને પોતાના ઉપર જ શ્રધ્ધા નથી એ દેવ, ગુરુ અને ધર્મ ઉપર શ્રધ્ધા પણ કેવી રીતે મૂકવાનો ?

એટલે પહેલાં તો તારું દર્શન તને થવું જોઇએ : હું આત્મા છું, હું ચૈતન્ય છું, હું મરી જનારો નથી, હું જડ નથી. મારા તત્ત્વનું અસ્તિત્વ જડથી ભિન્ન છે. દુનિયાનાં સાધનોના વિકાસ નહિ પણ દુનિયાનાં સાધનોના હ્રાસમાં મારો વિકાસ રહેલો છે.

આ ઉપરથી તમને લાગશે કે વ્યક્તિગત ભૌતિક સાધનોનો જેટલો જેટલો વિકાસ થતો જાય તેટલો તેટલો આત્માનો હ્રાસ થતો જાય છે.

ભૌતિક દૃષ્ટિ અને આધ્યાત્મિક દૃષ્ટિ વચ્ચે આટલું અંતર છે. ભૌતિક દૃષ્ટિ એમ બતાવે છે કે સાધનોની વૃદ્ધિ એ ખરેખરી પ્રગતિ છે. જ્યારે આધ્યાત્મિક દૃષ્ટિ સૂચવે છે કે ભૌતિક સાધનો મળતાં જાય તેમ આત્મા સાધનોમાં અટવાતો જાય છે. સમૃદ્ધિ વધતી જાય એમ એક રીતે જુઓ તો આત્માનો તો હ્રાસ થતો જાય છે. કારણકે જેટલાં પરનાં સાધન વધારે થવાનાં એટલી સ્વની સાધના ઓછી થવાની.

કોઈ એમ કહે કે આ માણસની પાસે પૈસો વધી ગયો, એની સત્તા વિશાળ છે, ડિગ્રી વધી ગઈ, મોટી પદવીઓ છે એટલે એણે આધ્યાત્મિક સાધના કરી હોવી જોઇએ તો એની સાથે હું સંમત નહિ થાઉં. ભાઈ ! આ બધા લક્ષણો એ આધ્યાત્મિક સાધનાનાં નહિ, ભૌતિક સાધનાનાં છે.

આધ્યાત્મિક સાધના શું છે ? એ આવે એટલે ભૌતિકતા છૂટી જ જાય. નંદીવર્ધને મહાવીરને કહ્યું કે આવું રાજ્ય જેવું રાજ્ય છોડીને તમે ક્યાં ચાલ્યા ? અને આવો વૈભવ છોડીને તમે જંગલમાં શાને જાઓ છો ? ભગવાન મહાવીરે

કહ્યું "હે નંદીવર્ધન ! જે દુનિયાનું રાજ્ય સાચવવા બેસી જાય છે એ આત્મા ઉપર રાજ્ય કદી કરી શકતા નથી. અને હું આત્માનું રાજ્ય મેળવવા માટે આવ્યો છું, નહિ કે દુનિયાનું રાજ્ય. આ રાજ્ય સામે પીઠ ફેરવીશ તો જ પેલું રાજ્ય મેળવી શકીશ. આ રાજ્ય અને તે રાજ્ય, બેને કોઈપણ માણસ સાથે રાખી મોક્ષ મેળવી શકતો નથી.

કોઈ એમ કહેતું હોય કે માણસની પાસે પૈસો હોય, સત્તા હોય, પ્રતિષ્ઠા હોય એનાથી કલ્યાણ થાય છે, તો એ ભૂલ છે. આ સાધનો માત્ર પુણ્યના એક ચમકાર રૂપે આવે છે. એને તમે ધ્યેય ગણી નાખો, સાધ્યરૂપે ગણી નાખો તો જીવનનો એક ભ્રમ બની જાય. 'જીવનની આ ભ્રમણા એ જ મિથ્યાત્વ છે.

સાચી દૃષ્ટિ પ્રાપ્ત થતાં તમને નવું જ જ્ઞાન પ્રાપ્ત થાય છે. માનો કે તમે ધર્મ કરતાં હો અને તમારી પાસેથી પૈસો ચાલ્યો જાય; તમે કોઈ મોટા સત્તાધીશ હો અને ધર્મ કરતાં કદાચ તમે સત્તા ઉપરથી ઊતરી પણ જાઓ; તમે ધર્મ કરતાં હો અને તમારી પ્રતિષ્ઠાને લોકો એકદમ ઝૂંટવી લે અને તમારા ઉપર કીચડ ઊડે, તેમ છતાં પણ તમને એમ થાય કે આ બધું જે થયું એને અને મારા આત્માને કાંઈ લાગતું વળગતું નથી. પ્રતિષ્ઠા, કીર્તિ, ધન, પ્રસિદ્ધિ, વાહવાહ એ બધાંય ભૌતિક દુનિયાના પદાર્થો છે. અને આ બધું જવા છતાં આત્માનું તલમાત્ર પણ ઓછું થતું નથી.

સાધકો સાધનાકાળમાં કલંકિત બનવાનું જરૂર પડયું તો કલંકિત પણ બન્યા, પણ કલંકિત ન બનું એટલા ખાતર હું ધર્મને છોડી દઉં, આત્માની વાત છોડી દઉં એવો વિચાર એમણે નહોતો કર્યો.

ઝાંઝરિયા મુનિ જેવા અસત્યની સામે જો નમી ગયા હોત તો એ માનવો દુનિયાની વાહવાહમાં આવી ગયા હોત. પણ તેઓ અસત્ય સામે નમ્યા નહિ. એમણે તો કહ્યું કે ભલે બધા લોકો જોડા મારે તો પણ શું થઇ ગયું ? મારો આત્મા સત્યની ઉપાસનામાં અડોલ છે.

જેને આત્મદૃષ્ટિનું ભાન થાય છે એને એટલો જ ખ્યાલ આવે કે આ દેહ તો માત્ર એક કવર છે, એમાં રહેલો કાગળ જુદો જ છે. કવર અને કાગળ એ જુદાં છે એ સમજવું બહુ મુશ્કેલ છે. મોટા ભાગના માણસોને તો આ દેહ એક કવર છે અને અંદર એક કાગળ છે એવો કોઈ ખ્યાલ જ નથી.

જેમ ૧૫ પૈસાના કવરમાં લાખ રૂપિયાનો ચેક પડ્યો હોય; પેલા ૧૫ પૈસાના કવરની કિંમત કાંઈ નથી; કિંમત પેલા લાખ રૂપિયાના ચેકની છે.

એવી રીતે જ્ઞાનીઓએ કહ્યું કે આ દેહ છે એ તો એક ૧૫ પૈસાનું પરબીડિયું છે. એમાં જે ચેક પડ્યો છે એની જ કિંમત છે. ચેકને ઓળખવાની જે દૃષ્ટિ છે એનુ નામ તે સમ્યગ્દર્શન.

જે ઘડીએ આ ખ્યાલ આવી જાય પછી એ કવરને એવી રીતે ફાડે કે કવર ભલે ફાટે, પણ ચેક ન ફાટે. કુશળ વ્યાપારી કવરને ગમે તે બાજુથી ફાડી નાંખે. એને લાગે કે ચેક ફાટી જાય એમ છે તો બીજી બાજુથી ફાડે, વચ્ચેથી ફાડે, જરૂર પડે તો આખું કવર પણ ફાડી નાંખે એને ચેક સાચવવો છે, કવરની સાથે કંઇ જ સંબંધ નથી.

આ દૃષ્ટિ મળતાં તમને થશે કે મારા આત્માને જાળવીને હું આ શરીરની પાસેથી કામ લઉં. શરીર એક કવર તરીકે જરૂર કામનું છે. આ કવરની મહત્તા હોય તો એટલા પૂરતી જ કે એ પેલા ચેકને એક ગામથી બીજે ગામ પહોંચાડવાનું કામ કરે છે. આ શરીરની

મહત્તા પણ એટલી જ છે કે આ આત્માને મોક્ષ સુધી પહોંચાડવામાં એ સાધનનું કામ કરે છે.

આ દૃષ્ટિ આવ્યા પછી તમારું શરીર ગમે ત્યાં હોય; મંદિરમાં હોય કે મસાણમાં, પણ તમે જાગતા છો. તમે જાણો છો કે આ તો ઉપરનું એક કવર છે, અંદરનો ચેક હું કોઈ જુદો જ છું.

ધર્મી આત્મા કોને કહેવાય? જેના અંતરની આ દૃષ્ટિ ખૂલી હોય.

મને ઘણા કહે કે મને દેવ ઉપર, ગુરુ ઉપર અને ધર્મ ઉપર ખૂબ શ્રદ્ધા છે. હું એમને પૂછું: એવી જ જો શ્રદ્ધા હોય તો મુસલમાનને પણ "એના ઈમામમાં શ્રદ્ધા હોયછે, એને પણ એની મસ્જિદમાં શ્રદ્ધા હોય છે અને એને પણ એની નમાજમાં શ્રધ્ધા હોય છે. એમાં અને સમ્યગ દૃષ્ટિમાં ફેર શું?"

દેવ, ગુરુ અને ધર્મ એટલે એના પણ અને દેવ, ગુરુ અને ધર્મ છે. પણ ના! ત્યાં આત્માની શ્રદ્ધા નથી, અહીં આત્માની શ્રદ્ધાથી શરૂઆત થાય છે.

આચારાંગ સૂત્રમાં પહેલી વાત એ બતાવી કે "अेगे आया" તું પહેલાં આત્માને, એકને જાણ. એને જાણી લીધા પછી, એને સમજ્યા પછી, એનું જ્ઞાન થયા પછી પ્રાણી માત્રમાં તારા જેવા આત્માનું દર્શન થશે. એના નાના-શા દુઃખનું પણ તને સંવેદનામાં સ્પર્શન થશે. પછી હિંસા તો સંભવે જ કેમ?

એટલે દેવ, ગુરુ અને ધર્મ શું થયા? સાધ્ય નહિ, સાધન થયાં, નિમિત્ત થયાં. સાધ્ય કોણ? આત્મા પોતે છે. જેવી રીતે કોઈ માણસને નિસરણી ઉપર ચઢવું પડે છે, શા માટે? ઉપર આવવા માટે. એટલે નિસરણી શું થઈ ગઇ? એક સાધન થયું. એ સાધન જો ન હોય તો ઉપર ન આવી શકે. સાધન મહત્ત્વનું છે, inevitable છે. એ અનિવાર્ય indispensable ખરું પણ તમે ઉપર આવી ગયા પછી એનું કાર્ય પૂરું થયું.

એમ દેવ, ગુરુ અને ધર્મ મોક્ષ પામવામાં એક મહત્ત્વનું સાધન, નિસરણી છે. પણ પહોંચવાનું કોને? સાધકને પોતાને. એટલે કહ્યું કે આત્માની ઓળખથી સમ્યગ્દર્શનનો પ્રારંભ થાય છે.

ઘણે ઠેકાણે એમ જ કહેવામાં આવે કે દેવમાં શ્રદ્ધા રાખો, ગુરુમાં શ્રદ્ધા રાખો, ધર્મમાં શ્રદ્ધા રાખો. પણ ભાઈ! શ્રદ્ધા રાખનારો કોણ? એને તો ઓળખો. શ્રદ્ધા રાખવી શા માટે? એ આપણે જાણવું પડશે. શ્રદ્ધા રાખીને મેળવવાનું શું? એ આપણે સમજવું પડશે. આ વસ્તુઓ જો આપણને સમજાય નહિ તો મૂળ વાત એ છે કે શ્રદ્ધા રાખે અને એ શ્રદ્ધાના નામે ઝઘડા કરે; શ્રદ્ધા રાખે અને એ શ્રદ્ધાના નામે રાગદ્વેષ વધારે. એટલે શ્રદ્ધા તો છે પણ શ્રદ્ધા શા માટે રાખવી એ વાત ભુલાઇ ગઈ.

નાનપણમાં તમે આ વાત સાંભળી હશે. કોઈ એક ભોળો આદમી માલ લઈને જતો હતો ત્યાં રસ્તામાં એને ચોરો મળ્યા, એને લૂંટ્યો. માલ બધો જ લૂંટાઇ ગયો. જ્યારે એ ઘરે આવ્યો ત્યારે લોકોએ એને પૂછ્યું કે કેમ હજી તું હસે છે કેમ? તો કહે કે ચોરો કેવા મૂર્ખા! માલ લૂંટ્યો છે પણ ભરતિયું તો મારી પાસે પડ્યું છે. એ વેચશે કેમ? એમને ભાવની ખબર કેમ પડશે?

આ વાત સાંભળીને તમે કોઈકવાર હસ્યા હશો. પણ ખરેખર, જીવ એમ જ માને છે કે મને શ્રદ્ધા છે, મારી પાસે ભરતિયું છે. પણ પેલો ભોળો માણસ જેમ ભરતિયાને પકડીને બેઠો છે એમ આ માણસો શ્રદ્ધાને પકડીને બેઠા છે. એકલી શ્રદ્ધા શું કામ લાગવાની? શ્રદ્ધા રાખવાની શા માટે એ એક પ્રશ્ન છે. જ્યાં સુધી એનો

નિર્ણય ન કરો, એ માટેનો તમને અનુભવ ન થાય, એની અનુભૂતિનો સ્પર્શ ન થાય ત્યાં સુધી એ શ્રદ્ધા માત્ર ભરતિયાને વળગવા જેવું જ રહેવાનું. એને સાચવીને અંદર ભલે મૂકી રાખે. ભાઇ! મને તો બહુ શ્રદ્ધા છે. અને આ દૃષ્ટિથી શ્રધ્ધાને નામે અજ્ઞાન, મિથ્યાત્વ પોષાઇ જાય છે.

સંપ્રદાયો અને વ્યક્તિઓની શ્રધ્ધાથી જીવો ધર્મથી વંચિત થાય છે, તીર્થથી વંચિત થાય છે અને સાચા સાધુઓથી વંચિત થાય છે. કહે કે મને તો અમુક દેવ, ગુરુ અને ધર્મની શ્રધ્ધા થઈ ગઈ. જેવી રીતે સુન્ની શિયા પાસે ન જાય અને શિયા સુન્ની પાસે ન જાય એમ આ શ્રધ્ધાને નામે એક સંપ્રદાય, એક પંથ અને એક વ્યકિતને વળગી રહે પછી વિશાળ દૃષ્ટિનો અભાવ માણુસની જીવનદૃષ્ટિમાં આવી જાય છે. અને એ તો જીવનનું સત્યાનાશ વાળી નાંખે છે. સાધના કરવાનો આ એક જ ભવ છે. એમાં વિકાસહીન અને વિશાળ-હીન જીવન કેમ પાલવે? સંપ્રદાયની તુચ્છતામાં જીવન પૂરું થયું તો ન પૂરી શકાય તેવું નુકસાન પોતાના આત્માને જ છે.

ચક્રવર્તીનાં સુખ ભોગવવા માટે બીજો ભવ મળે પણ ખરો, દેવલોકમાં તો તિર્યંચમાંથી પણ જવાય છે પણ મુક્તિ પામવા તો સાધન સામગ્રી પૂર્ણ આ જ એક ઉત્તમ મનુષ્ય જન્મ છે. બીજું એવું કોઈ સ્થાન નથી કે જ્યાંથી મોક્ષે જવાનું હોય. અનુત્તર વિમાનમાં ગયેલા કે જેને મોક્ષ બહુ નજીક છે તેવાઓને પણ સાધના કરવા માટે આ માનવ જન્મમાં આવવું પડે છે!

આ માનવ જન્મમાં આપણા વિકાસનો વિચાર કરવાને બદલે આવી અજ્ઞાન શ્રદ્ધામાં જીવન પૂરું થઈ જાય તો આપણે જે મેળવવાનું છે, દૃષ્ટિ જે રીતે ખીલવવી છે અને આત્મઅવબોધ કરી સાધના દ્વારા આ એક જન્મમાં આપણે જે કામ કરી લેવાનું છે તે રહી જશે.

સાંજે લગ્ન હોય અને તમારી પાસે માત્ર એક જ દિવસ હોય તો તમે એ દિવસને કેવી રીતે વાપરો છો? એ વખતે મિત્ર આવીને કહે કે ચાલો, હવે હોટલમાં જઇને બે ચાર કલાક બેસીએ, ગપ્પાં મારીએ! શું કહો? "ભલા માણુસ સાંજે તો લગ્ન છે, આ કાંઈ ગપ્પા મારવાનો સમય છે?" પેલો કહે કે મારા ખરચે હું તમને ચા પાઈશ. તમે કહો ને કે "તું સમજતો કેમ નથી. મારી પાસે સમય બહુ થોડો છે અને આ સમયને હું કેવી રીતે મફતમાં વાપરી શકું? સાંજે લગ્ન છે અને બધી તૈયારીઓ કરવાની છે."

જ્ઞાનીઓ કહે છે કે લગ્નવાળો માણુસ પણ આવી ભૂલ નથી કરતો. છતાં કરે તો ય એને એટલું નુકસાન ન થાય જેટલું આ આત્મા પ્રમાદ કરે તો થાય. પણ મનુષ્ય તો પોતાના સમયને વાપરી જ રહ્યો છે. ગમે ત્યાં બે કલાક ગપ્પાં મારવા હોય તો કહે ચાલ, ખાલી પત્તાં કૂટવામાં ચાર કલાક વેડફવા હોય તો કહે ચાલ, પણ સમય ક્યાં છે? એ સમયને આપણે સ્વાધ્યાયથી, ચિંતનથી, અભ્યાસથી, ધ્યાનથી કે યોગથી ન ભરી દઇએ!

ધન અને ધાંધલમાં પડેલા મનુષ્યને ન કોઈ સાધનનો ખ્યાલ છે, ન કોઈ તત્ત્વજ્ઞાનનો ખ્યાલ છે, ન તત્ત્વાર્થનો અભ્યાસ છે, ન કોઇ આત્મબોધ છે. જીવનું સ્વરૂપ શું છે એ માટે દૃષ્ટિનો વિકાસ થવો જોઈએ એ દિશામાં મંદતા છે. પરિણામ એ આવે કે આખું આ જીવન, આ મોઘામાં મોઘું જીવન એમનું એમ ખલાસ થઇ જાય છે.

માણુસ કાંઈ પણ કર્યા વિના ચાલ્યો જાય છે ત્યારે એની પાછળ રડવાનું થાય છે. રડવાનું કોની પાછળ છે? શા માટે રડવાનું છે? કાંઈ કર્યું નહિ એટલા માટે. લોકો કહે કે બાપડો ગયો. ન અમારું કર્યું, ન પોતાનું કર્યું. એને એમ લાગે છે કે હું ઘણું જીવવાનો છું એટલે જીવનની તૃષ્ણામાં પાછળ રહેલાનું પણ કાંઈ કરતો નથી.

મહિના પહેલાની વાત છે. હું એક વ્યક્તિને ત્યાં ગયો હતો. મરણપથારીએ હતા. મેં કહ્યું કે તમે હવે ધર્મધ્યાન કરો, જે કાંઈ દાન કરવું હોય એ કરી લો અને થોડીક તૈયારી કરો. તો કહે કે મહારાજ, શું આપ એમ માનો છો કે હું મરી જવાનો છું? એટલા માટે મેં તમને બોલાવ્યા છે? મેં કહ્યું કે હું એટલા માટે નથી આવ્યો, હું તો તમને એ કહેવા આવ્યો છું કે આત્માની સાધના કરવી હોય તો નિવૃત્તિ અનિવાર્ય છે. પેલા ભાઈ કહે કે હું તો પાછો ઊભો થઈ જવાનો છું. મહારાજ! તમે આવી કેવી વાત કરો છો? હજી તો મને પાંસઠ થયાં છે. નિવૃત્તિ અત્યારે? આવાને કહેવું પણ શું? મેં કહ્યું કે તમે તો હજી સો વર્ષ જીવો એવા સશક્ત છો. પણ જાગૃત રહો એટલું જ મારું સૂચન છે. ચાલો, હું તમને સંભળાવું. ચાર દિવસ પછી મેં સાંભળ્યું કે એ ભાઈ તો ઊપડી ગયા!

માણસ અજ્ઞાનમાં ન પોતાનું કરે છે, ન પાછળ રહેલા સ્વજનોનું કરે છે. પણ માણસ જો દૃષ્ટિવાળો હોય તો સ્વનું પણ કરે અને પરનું પણ કરે.

મને લાગે છે કે આજની જે દેહરૂપી Company-કંપની છે એ ક્યારે liquidationમાં જાય અને એના સગાંરૂપી શૅરહોલ્ડરો રોતાં થઈ જાય એ ખબર પડે એમ નથી. જો ખરેખર વિચાર કરવા જાઓ તો આ સગાં બધાં જ શૅરહોલ્ડરો છે. કોઈકને નવ ટકા તો કોઈકને બાર ટકા મળ્યા જ કરે અને આ કાયારૂપી કંપની રળ્યા કરે. જેવી આ કાયારૂપી કંપની ગઈ એટલે સૌ રોવાનાં. એમાં જેના વધારે શૅર છે એ વધારે રૂએ છે.

રડવું કોને માટે છે? Company માટે નહિ, કંપનીનો profit-નફો બંધ થઈ ગયો એને માટે. ૯૦ વર્ષનો, ૮૦ વર્ષનો માણસ મરતો ત્યારે પહેલાના જમાનામાં લાડવા ખાતા, કારણકે કંપની રળતી જ નહોતી. પૂરું થયું. એમાં એ શૅર-હોલ્ડરોને નાહવા નિચોવવાનું કાંઇ જ નહિ, પણ યુવાન કંપની હોય, રળતી હોય, શરીર સારું હોય, બે પાંચ હજારનો પગાર હોય અને એ જો એકદમ જાય તો એના આસપાસના શૅરહોલ્ડરોને થાય કે હવે આપણું શું? એટલે ખરી રીતે આત્મા માટે કોઈ રડતું નથી. વૃદ્ધ જાય ત્યારે તમે શું કહો છો? ઘરડો માણસ હતો, સુખી થયો, છૂટયો. પૂછો : કોણ? તું કે તે?

ખરી વાત જોવા જાઓ તો મરણ એ બીજું કાંઇ નથી. આરામ છે. માણસ બાર કલાક કામ કરે અને ઊંઘ ન આવે તો ઊંઘ લાવવા ગોળીઓ લેવી પડે. માણસ ૬૦ કે ૭૦ વર્ષ કામ કરે અને જો મૃત્યુ ન આવે તો થાય પણ શું? આ પણ એક લાંબી ઊંઘ છે, ચિરનિદ્રા છે. ઊંઘ પછી પણ ઊઠવાનું છે અને મૃત્યુ પછી પણ જન્મ લેવાનો છે. ઊંઘ ખરાબ નથી, મૃત્યુ પણ ખરાબ નથી. પણ એ બે વચ્ચેનો જે ભેદ દેખાવો જોઇએ એ ભેદ જ્ઞાન દૃષ્ટિથી જ દેખાય.

જે લોકો કાંઈ પણ કર્યા વિના જાય છે એમની પાછળ રૂદન ચાલે છે, આંસુઓ વહે છે અને હાહાકાર કરવામાં આવે છે.

સાધુ કાળધર્મ પામે ત્યારે એમની પાછળ શું થાય? દેવવંદન થાય. કોઇ ધનવાન ગૃહસ્થ મૃત્યુ પામે અને એના સ્વજનો લખે "ફલાણા ભાઈ, અમુક દિવસે સ્વર્ગવાસ પામ્યા!" એનો જવાબ તમે minutely ઝીણવટથી વાંચ્યો છે? દીકરો ભલે લખે કે અમારા બાપા સ્વર્ગવાસ પામ્યા છે, જવાબમાં તો લોકો લખે છે : "તમારા બાપા સ્વર્ગવાસ પામ્યા છે એ બહુ જ ખોટું થયું!" 'ખોટું થયું છે,' કારણકે સ્વર્ગવાસ પામે એવું એણે કોઈ કામ કર્યું જ નથી એ તો જાણતા જ હોય છે. તો એ લાગવગ લગાડીને સ્વર્ગવાસમાં

કેવી રીતે ગયો? બાપડો દીકરો influence લગાડીને મોકલી દે કે મારા બાપા સ્વર્ગવાસમાં ગયા છે. પણ લોકો શેના માને? એટલે જ ચોખ્ખે ચોખ્ખું લખે છે "આ બહુ ખોટું થયું!"

જેમ કૉર્ટમાંથી ખોટો માણસ છૂટી જાય અને તમે કહો કે બહુ ખોટું થયું, ન્યાય જેવી કોઈ વસ્તુ રહી નથી, influenceથી કામ થાય છે. તેમ કાગળના જવાબમાં પણ અર્થ રહેલો છે.

માણસ જો સારું જીવન જીવે તો આવો કોઇ પ્રશ્ન આવતો જ નથી.

સમાધિમરણ પામવા માટે જીવનની આ એક યાત્રા છે. એ યાત્રામાં મનુષ્યે પોતાનો વિચાર કરવાનો છે. પહેલો વિચાર એ કે હું એક આત્મા છું અને મારા આત્માના વિકાસ માટે આ દેહને મેં એક સાધનરૂપે સ્વીકાર્યું છે. હું ગમે ત્યાં જાઉં પણ મારો આત્મા સ્વચ્છ રહેવો જોઈએ. આ કવરની ખાતર મારો cheque ક્યાંય ગુમ ન થઈ જાય એ મારે જોવાનું છે.

કવરને તમે ખૂબ સારી રીતે સાચવજો, કારણકે એમાં જ તમારો આ ચેક રહેવાનો છે. પણ જ્યારે એવો પ્રશ્ન ઉપસ્થિત થાય કે એમાંથી કોણ ફાટી જાય તો એ વખતે તમારે નિર્ણય લેવાનો કે ભલે કવર ફાટી જાય, ચેક ફાટવો ન જોઇએ.

એમ આત્મા અને દેહ – જ્યારે એકાંતમાં બેઠા હો અને તમને થાય કે મારા આત્માનો નાશ થાય છે તો ગમે તેવા લાભને પણ જતો કરો. આત્માને બચાવવાની દૃષ્ટિ આવી ગયા પછી તમે ટોળામાં હો કે એકાંતમાં હો; પ્રલોભનમાં હો કે પ્રવૃત્તિમાં – પણ તમે અડગ રહી શકશો. જે લોકો પ્રલોભન સામે અડોલ રહી શક્યા અને જેમનામાં અડોલ રહી શકવાની તાકાત આવી તે આ દૃષ્ટિથી જ.

સ્થૂળીભદ્ર ચાર મહિના વેશ્યાને (કોશ્યા) ત્યાં રહ્યા. રૂપ, રંગ અને શૃંગારથી ભરેલી નાર સામે છે, ષડરસનાં ભોજન છે, ઉત્તેજક નૃત્યોનાં ચિત્રોથી ભરેલી રંગશાળા છે. માણસની વૃત્તિઓ પ્રદીપ્ત થઇ જાય એવા વાતાવરણ વચ્ચે પણ સ્થૂળીભદ્ર શાંત અને સ્વસ્થ છે. શાંત અને સ્વસ્થ રાખનાર તત્ત્વ કયું? આ આત્માનું જ્ઞાન.

એ જ્ઞાન ન હોય પછી ઘડપણ હોય કે વડપણ હોય; તીર્થ હોય કે તરાપો હોય, લપસતાને કોઈ નહિ બચાવે. આત્મજ્ઞાનના અભાવે વ્યાસ જેવા-તરાપામાં રહેલી મત્સ્યગંધામાં મોહી પડ્યા. તમે એમ માનો કે તીર્થમાં જાઓ અને તરી જાઓ? દુનિયામાં એવું કોઈ સ્થળ નથી કે જ્યાં અજ્ઞાની માણસનો વિકાર જાગતો ન હોય! અને એવું કોઇ સ્થાન કે વ્યકિત નથી કે જાગ્રત આત્માને પાડી શકે. બચવા માટે પહેલાં પોતાનું જ્ઞાન થવું જોઈએ.

પરણવા માટે મા-બાપે દબાણ કરી આગ્રહપૂર્વક પૃથ્વીચંદ્રને લગ્નના મંડપમાં બેસાડ્યો, પરણવું જ પડશે. એમણે લગ્નના મંડપને જ વૈરાગ્યનો મંડપ બનાવ્યો. એના અંતરમાં, રોમરોમમાં વૈરાગ્ય ભર્યો છે. એ સ્ત્રીને જુએ છે તો કઈ દૃષ્ટિથી જુએ છે? આ શરીરમાં એક જ્યોત જગી રહી છે. આ તનના કોડિયામાં ચૈતન્યનો પ્રકાશ તગતગે છે. (ક્રમશઃ)

### વાચકોને

'દિવ્યદીપ'ના આગલા બીજા વર્ષના અતિ મનનીય ૨૪ અંકોની પાકી બાંધણીની ફાઇલ રૂા. ૫)માં તથા ત્રીજા વર્ષના માસિક ૧૨ અંકોની ફાઇલ રૂા. ૪)માં મળી શકશે. બન્ને વર્ષની ફાઇલો એકી સાથે લેનારને રૂા. ૮)માં ઑફિસેથી મળશે. બહારગામથી મંગાવનારને રજી. બુક પોષ્ટ પૂરતો અગર વી. પી.નો જે ખર્ચ થાય એ માત્ર ઉમેરવાનો રહેશે. – તંત્રી

# આતમની અગ્નિપરીક્ષા

૧૯૫૧ ના કાર્તિક સુદ પૂર્ણિમાએ પૂ. ગુરુદેવ ચિત્રભાનુ મહારાજ તથા તેમના પિતાશ્રી સ્વ. પૂ. મુનિશ્રી ચન્દ્રકાન્ત સાગરજી મહારાજનું ચાતુર્માસ પરિવર્તન ભાવનગરમાં શેઠ ભોગીલાલ મગનલાલે ઘણા જ મોટા ઉત્સાહભર્યા ઉત્સવપૂર્વક કરાવ્યું હતું. બીજે દિવસે ગોવિંદલાલ ગાંડાલાલ ગૂંદીગરાના ધર્મપત્ની દિવાળીબહેનના આગ્રહથી સંઘ સાથે પૂ. શ્રી "સંતોકબહેન વીવીંગ ફેકટરી"માં પધાર્યા હતા. પ્રવચન, પૂજા, પ્રભાવના અને પચરંગી પ્રજાની પધરામણીથી એ દિવસેં આનંદનું રૂપ ધારણ કર્યું હતું. એ જ રાત્રે બે વાગે ભયંકર આગ ફેકટરીમાં લાગી. તે જીવનમરણની કસોટીના પ્રસંગને પૂ. ગુરુદેવે પોતાની નોંધમાં આલેખ્યો છે તે અહીં રજૂ કરીએ છીએ.

કારતક વદ એકમની મધરાત હતી. રાતના બે વાગ્યાનો સમય હતો. આકાશની શુભ્ર આરસીમાં મોગરાના ફૂલ જેવા તારા હસી રહ્યા હતા. ચંદ્રમાંથી ઝરતી ચંદન જેવી શીતળ ચાંદની પૃથ્વીને લીંપી રહી હતી.

ત્રણ માળની ઊંચી હવેલીને બીજે માળે અમે ચાર જણ સુખનિદ્રામાં પોઢ્યા હતા. મંદમંદ વાતો પવન અમારા આત્માને સૌરભની દુનિયામાં લઈ ગયો હતો. એવામાં હૈયાને વીંધી નાખે એવી એક કારમી, લાંબી તીણી ચીસ સંભળાઈ, અને હું ભયપૂર્વક સફાળો ઊભો થઈ ગયો.

કમાડ ઉપર કોઈ જોરજોરથી લાત મારતું બોલી રહ્યું હતું.

'મહારાજશ્રી ! બચાવો, કમાડ ઉઘાડો. ભયંકર આગ લાગી છે, દોડો રે દોડો....!!

મારી પડખે જ પિતાશ્રી પોઢ્યા હતા. મૂળચંદ ને તારાચંદ નામના બે યુવાનો બારણા પાસે આળોટતા હતા. આ ભયભરેલી તીણી ચીસ સાંભળી એ ત્રણે જણ વિહ્વલતાપૂર્વક જાગીને આમતેમ જોવા લાગ્યા.

અમારા ચારેના આત્મા ભયગ્રસ્ત હતા. એવામાં એક જોરદાર ધક્કો વાગ્યો અને જૂનાં કમાડ સાંકળ સાથે જ ઊખડી પડ્યાં. છ બહેનો અને ત્રણ બાળકો ગભરાટમાં રાડો પાડતાં ઉપર ધસી આવ્યાં.

મેં બારણા તરફ જોયું તો નવ જણની પાછળ લાલ રંગની લાંબી જીભ કાઢતી અગ્નિની પ્રચંડ જ્વાળાઓ આવતી દેખાઈ. ભયંકર રીતે પળપળ ઊંચે વધતી આ પાવકજ્વાળાને જોઈ મારી મતિ પણ ક્ષણભર મૂઢ થઈ ગઈ. ફાટી આંખે હું જોઈ રહ્યો હતો. આ શું થઈ રહ્યું છે તે મને સમજાતું ન હતું.

પ્રચંડ આગના ભડકા અમારી નજીક આવી રહ્યા છે એટલું જ મારી આંખો જોઈ શકી, માર્ગ ક્યાંય ન હતો. વિચારોમાં ધુમાડો વંટોળિયો લઈ રહ્યો હતો.

અમે ત્રીજે માળે હતા. બહેનો ને બાળકો બીજે માળે હતાં પણ ભોંયતળિયે પ્રચંડ આગ લાગી એટલે એ સૌ ઉપર ધસી આવ્યા હતા.

જ્વાળા વધતી વધતી ઉપર ને ઉપર આવી રહી હતી, નીચે ઉતરવાનો માર્ગ અને દાદર તો ક્યારનાંય બળીને ખાખ થઈ ગયાં હતાં, હવે ક્યાં જવું ?

ગઈકાલે આજ સ્થાને કેવો આનંદ અને શાંતિ હતાં? અત્યારે કેવો શોક અને ભય હતો? ગઈ કાલે આ હવેલીના મુખદ્વાર આગળ ભવ્ય મંડપ હતો. એમાં પ્રવચન, પ્રભાવના અને મંગળ ગીતોના મંજુલ ધ્વનિથી વાતાવરણ ગુંજતું હતું. અત્યારે તે જ સ્થાનમાં ઊભેલા માણસો કરુણાભરી ચીસો નાંખી રહ્યાં છે.

"આ ઉપર રહેલા લોકોને કોઈ બચાવો રે! ઉપરથી નીચે ઉતારો રે! નહિ તો બાપડા હમણાં બળીને ખાખ થઇ જશે...."

આગ જોવા એકત્રિત થયેલા સૌ ચીસો નાખતા હતા, કોલાહલ કરતા હતા, પણ માર્ગ કોઇનેય કાંઈ સૂઝતો નહોતો.

અમે ઉપરથી ચીસો નાખતા હતા, અમને બચાવો!

એ લોકો નીચેથી રાડો પાડતા હતા; આ દુઃખિયાઓને કોઈ પણ રીતે બચાવો.

આપણા લોકોની આ વિશિષ્ટતા છે. આપણને રાડો પાડતાં કોલાહલ કરતાં આવડે છે, પણ યોજનાપૂર્વક કામ કરતાં નથી આવડતું. પરિણામે અવ્યવસ્થા વધે છે. કાર્ય કંઈજ થતું નથી. આવા પ્રસંગે તાલીમ પામેલા અને બિનતાલીમ પામેલા પરખાઈ જાય છે. આવા ભયમાં તાલીમ પામેલો એક માણસ જે કરી શકે છે તે બિન-કેળવાયેલા હજાર પણ કરી શકતા નથી.

નીચે અને ઉપર સર્વત્ર કોલાહલ હતો પણ કોઈને એટલું ય ન સૂઝ્યું કે બંબાવાળાને ખબર આપીએ, નિસરણીની શોધ કરીએ, એકાદ દોરડું શોધી ઉપર ફેંકીએ - સૌને એક જ વાત આવડે: રાડો પાડવી, બૂમબરાડા નાખવા અને વાચાની વાંઝણી દયા દેખાડવી.

પળેપળ ભયંકર રીતે પસાર થઈ રહી હતી. નીચેથી મદદ મળે એવી આશા હવે રહી ન હતી. વિપદ વખતે માણસને શી ખબર કયાંથી પણ ધૈર્યનું બળ મળી રહે છે. એ વખતે સદ્ભાગ્યે સેવાદળમાં લીધેલી તાલીમ મારી મદદે આવી. મેં કહ્યું: "બહેનો! હિંમત રાખો. કેવળ ચીસો પાડવાથી હવે આપણને કોઈ ઉગારે એમ નથી, અને આપણી દયામણી ચીસોથી આ પ્રચંડ આગ પણ શાંત પડે એમ નથી. તમે તમારા સૌના સાડલા આપો, એને એક બીજા સાથે બાંધી એનું લાંબુ દોરડું બનાવીએ અને કઠેડે બાંધી એના પર ટિંગાઇને, લટકીને લપસીને એક પછી એક સૌ નીચે ઊતરી જઇએ."

આ યોજના એમને જરા જોખમ ભરેલી લાગી. વચ્ચેથી ગાંઠ છૂટી જાય અગર તૂટી જાય તો અકાળે મૃત્યુ થાય. પણ આમેય આગનું અકાળ મૃત્યુ તો અમારી સામે વિકરાળ આંખો ફાડીને ઊભું જ હતું.

આગની ગરમી વધી રહી હતી. અને જવાળાઓ અમારી નજીક ને નજીક આવી રહી હતી. અમે જે ખંડમાં હતા, એ ખંડ છોડી સરકતા સરકતા અમે સૌ કઠેડા પાસે આવ્યા. અમે પાછળ જોયું તો એ ખંડ કયારનોય પ્રજવળી ઊઠયો હતો, હવે તો અમારા માટે એકેય માર્ગ ન હતો.

કઠેડાથી આગળ કયાં જવું? મારી યોજનામાં બાળકને લઇને ઊતરવું જોખમ ભરેલું હતું. સંકટની ભયંકર ક્ષણો પસાર થઈ રહી હતી.

નીચે કોલાહલ કરનારાઓમાં એક સાહસ-વીર નીકળ્યો, એ કયાંકથી એક મોટી નિસરણી શોધી લાવ્યો. એણે નિસરણી માંડી. પણ અફસોસ! એ ટૂંકી હતી. અમારાથી છ હાથ દૂર હતી. એણે એક ક્ષણ વિચાર કર્યો અને પોતાના ખભા ઉપર જ એ માંડી. આવી મોટી નિસરણી અને તે માણસના ખભા ઉપર! ઓહ! બળ પણ જબરું. અને ધૈર્ય પણ જબરું. એવી વીરતાને સહજ રીતે મસ્તક ઝૂકી જાય છે.

નિસરણી એણે ખભા ઉપર લીધી એટલે એ ત્રણ હાથ ઊંચી આવી: પણ હજી ત્રણ હાથ અમારાથી એ દૂર હતી. નિસરણી પર ઉપરથી ઠેકડો મરાય નહિ, સ્થિતિ નાજુક હતી. હવે તો જીવન અને મરણ વચ્ચે પ્રહર નહિ, કલાક નહિ પણ પળો ગણાઈ રહી હતી.

સર્વત્ર ભયના વાતાવરણથી માનવ હૈયાને ચીરી નાંખે એવી ચીસો સંભળાતી હતી, અંતે આસપાસ વધતી જતી જવાળાના તાપથી દેહ શેકાતા હતા.

પિતાશ્રી તો ઉપરથી ભૂસકો મારવાની વાત ઉપર આવી ગયા પણ ભૂસકો મારવો એ શકય ન હતું. ત્રણ માળની તોતિંગ ઊંચી હવેલી પરથી પડનારનું એક પણ અંગ સલામત ન રહે.

ઈષ્ટદેવનો જાપ અંતરમાં સતત ચાલતો હતો. માણસ સુખમાં જેવી તીવ્રતાથી પ્રભુ સ્મરણ નથી કરતો, એવી તીવ્રતાથી એ દુઃખમાં સ્મરે છે. તે જ પળે મારામાં અણધાર્યો બળનો સંચાર થયો. ધૈર્યનાં કિરણ અંગઅંગમાંથી પ્રગટવા લાગ્યાં.

હું કઠેડો કૂદી બહારની સીમેન્ટની પાળ પર આવ્યો. કઠેડા બહાર દશેક આંગળની નાની પાળ હતી. મારો એક હાથ મેં કઠેડાના સળિયામાં મજબૂત રીતે ભરાવ્યો, વજ્ર જેવી મજબૂત પકડથી સળિયાને પકડી મેં પિતાજીને કહ્યું :

"તમે ધીમેથી કઠેડો ઓળંગી આ પાળ પર આવો. અને મારો હાથ પકડી ટિંગાઓ એટલે નીચે નિસરણીને અડે પછી જ મારો હાથ છોડજો."

પિતાજી કહે : "મારો ભાર આમ અદ્ધર આકાશમાં તું ઝીલી શકીશ ? તારો હાથ પકડીને લટકું અને હાથ છૂટી જાય તો તો બન્ને પથ્થરની શિલા પર જ પછડાઈએ ના !"

મેં કહ્યું : વિચાર કરવાનો આ સમય નથી. જીવન મરણની આ પળ છે. જે થવાનું હશે તે થશે. પણ શ્રદ્ધા છે, સારું જ થશે."

મારી શ્રદ્ધા સાચી પડી. એ બરાબર નિસરણી પર પહોંચ્યા ને ઊતરી ગયા. હવે મારો વારો આવ્યો. હું ઊતરી જાઉં તો બહેનો ને બાળકોને ઉતારનાર કોણ !

માણસનું મન ઘણું જ નીચ અને સ્વાર્થી છે. એ ઉચ્ચ ને પરોપકારી દેખાય છે, પણ તેની અગ્નિપરીક્ષા થઈ નથી ત્યાં સુધી જ. જ્યારે એવી પળ આવે છે ત્યારે જ મનની સાચી પરખ થાય છે.

સામાન્ય રીતે પ્રત્યેક માનવી પોતાના મન માટે ઉચ્ચ અભિપ્રાયના ભ્રમમાં હોય છે, અને મારા માટે મને પણ એવો જ વિશ્વાસ હતો. આ પળે મને જિજીવિષા પ્રેરવા લાગી.

The last days of pompeii નો પ્રસંગ યાદ આવે છે. આખા શહેર પર લાવા રસ ઊછળી રહ્યો છે, અગ્નિની વર્ષા થઈ રહી છે, થોડી જ ક્ષણોમાં સૌ મરવાના છે, છતાં સૌ બચવાનો મરણિયો પ્રયત્ન કરે છે. આગળ દોડતા માણસને ધક્કો મારી, એનું ધન ઝૂંટવી, માણસ આગળ નીકળવા પ્રયત્ન કરે છે, પોતાનો જ જીવ બચાવવા પ્રયત્ન કરે છે; જ્યારે બીજી બાજુ કો'ક સજ્જન લૂલાને મદદ કરે છે, આંધળાને ટેકો આપે છે, વૃદ્ધને દોરે છે, પોતે ઉતાવળ કરે છે, પણ અપંગોને ભૂલતો નથી. ત્યાં લેખક લખે છે : "આ છેલ્લા કલાકમાં તેઓ માનવીની ઉચ્ચતા અને નીચતાનાં દર્શન કરે છે. In this last hour, they glimpsed specimens of every business nobility." મારું મન પણ મને કહી રહ્યું હતું : 'ઊતરી જા, ભાગી જા, નહિ તો બળીને ભડથું થઈ જઈશ, જા, જીવ બચાવ....'

એવામાં એક બહેને જેમનું નામ દિવાળીબહેન હતું તેમણે કહ્યું : "મહારાજ ! તમે તમારે પહેલાં ઊતરી જાઓ. અમારું તો થવાનું હશે તે થશે."

નારી ! મા ! તને નમન છે. વિપદ વખતે પણ તારો અર્પણધર્મ તું ના ચૂકે. અર્પણના પ્રકાશથી તેં વસુંધરાને અજવાળી છે. તારા શિયળથી, તારી સહિષ્ણુતાથી, તારા અર્પણથી માણસ આજે 'માનવ' છે.

મને મારા પર ધિક્કાર આવ્યો. બહેનોને સ્પર્શ પણ ન થાય એ મારા સંયમધર્મની મર્યાદા છે. પણ એ મર્યાદાને આગળ ધરી હું ઊતરી જાઉં, મારો જીવ વહાલો કરું, તો મારા જેવો નીચ સ્વાર્થી કોણ?

મર્યાદા માનવીને ઉગારવા માટે છે, બંધન માટે નહિ જ, પણ અત્યારે તો માનવતાનો પ્રશ્ન છે.

વાડ વૃક્ષના રક્ષણ માટે છે, પણ વાડથી વૃક્ષનો વિકાસ રૂંધાતો હોય તો વાડને જરા દૂર પણ કરવી પડે. ભગવાન મહાવીરના સંયમ ધર્મની મર્યાદા એવી નથી જે માનવતાને હણે!

મેં કહ્યું: બહેનો, હું એવો નીચ નહિ બનું. જીવ ખાતર ધર્મ છોડવો એ કાયરનું કામ છે. જલદી કરો, તમે પાળ ઉપર આવો, મારો હાથ પકડીને ટિંગાઈ જાઓ અને નિસરણીને પહોંચો."

આ રીતે એ ઊતર્યાં, એટલામાં તો બીજી મદદ પણ આવી ગઈ, સૌ ઊતરી ગયાં.

છેલ્લે હું પાળ પર બે હાથથી ટિંગાઇને ઊતરવા પ્રયત્ન કરતો હતો ત્યાં એક માતાની ચીસ આવી:

'અરે બાબો તો હજુ ઉપર જ છે. એ તો રહી ગયો.'

ધુમાડો વંટોળિયાની જેમ બાળકને વીંટાઈ ગયોહતો. આ કસોટી હતી, મારી માનવતાની, મારા સમસ્ત જીવનની આ છેલ્લી પરીક્ષા હતી. દૈવે જાણે મારી ભાવનાને કરુણ દૃષ્ટિથી નિહાળી. તે જ પળે ધૈર્યનું બળવાન દૈવી કિરણ મારા અંગઅંગમાં વ્યાપી ગયું.

હું પાછો કઠેડો ઠેકી ઉપર ગયો. સાથે તારાચંદ પણ આવ્યો. સમડી ઝડપ મારીને હાથમાંથી વસ્તુ છીનવી જાય એ જ વેગથી બાળકને મૃત્યુના હાથમાંથી ઝડપીને સલામત રીતે લઈને બહાર આવી ગયો. નીચે તાળીઓના, વાહવાહના, આનંદમય અવાજો થઈ રહ્યા હતા. અને તે જ વખતે બંબાનો અવાજ સંભળાયો. ટન, ટન, ટન!

બાળકને લઈ મેં નિસરણી પર પગ મૂકયો, ત્યાં હૃદયને ધ્રૂજાવી મૂકે એવો અવાજ થયો. અને ક્ષણ પહેલાં અમે જ્યાં ઊભા હતા એ ભાગ કકડભૂસ કરતો બેસી ગયો.

કુદરતનો કેવો સંકેત! પાંચ દશ મિનિટ પહેલાં એ ભાગ બેસી ગયો હોત તો! પણ એ પ્રશ્ન જ નકામો છે. રામ રાખે તેને કોણ ચાખે?

રાતના ત્રણના ટકોરે અમે વડવાના ઉપાશ્રયે આવ્યા, ઉપાશ્રયમાં પગ મૂકયો અને હું શુદ્ધિ ખોઇ બેઠો. કલાક સુધી સંચિત કરેલા અપૂર્વ દૈવી બળનો બંધ તૂટી ગયો, જુસ્સો ઊતરી ગયો હતો.

સવારે સાત વાગે મેં આંખ ખોલી ત્યારે ભાવનગરના હજારો નાગરિકો વીંટળાઈને બેઠા હતા. સૌનાં નયનોમાં પ્રેમનાં આંસુ હતાં, હૈયામાં માનવતાને અભિનંદન હતાં, શેઠ જૂઠાભાઈ જેવા પ્રતાપી પુરુષના મુખ ઉપર પણ લાગણીની તીવ્ર રેખાઓ ખેંચાઇ હતી.

એમણે ગદ્‌ગદ્ કંઠે કહ્યું:

"મહારાજશ્રી! તમે તો અમારી લાજ રાખી. સાધુતાને અર્પણના રંગથી રંગીને ભાવનગરમાં એક જ્વલંત ઇતિહાસ સર્જ્યો."

આગની વિપદ્‌માં સહભાગી બનેલાં ભાઇ-બહેનો સામે મેં જોયું અને મારી આંખમાં પણ આંસુ આવ્યાં. પણ તે શાનાં હતાં હર્ષનાં કે કરુણાનાં?

"ભવનું ભાતું"માંથી

# તમે પોતે જ તમને સુખી કરનાર છો અને તમે પોતે જ તમને દુઃખી કરનાર છો

ભવિષ્યમાં સારું થશે, સુખ મળશે, એવું મનુષ્યોનો મોટો ભાગ ધારતો નથી. તેઓ ભવિષ્યમાં દુઃખ જ આવશે, એવું હમેશાં માન્યા કરે છે, અને તેમના માનવા પ્રમાણે ઘણે પ્રસંગે સુખને ન જોતાં તેઓ ભવિષ્યમાં દુઃખને જ પ્રકટ થયેલું જુએ છે.

ઘણાં મનુષ્યો એવું દઢપણે માનતા હોય છે કે અમારું નસીબ જ નબળું છે; અમારા દહાડા જ વાંકા છે, સુખ અમને થવાનો સંભવ નથી.

હવે આ પ્રકારના વિચારો કશો જ લાભ ન કરતાં ઊલટી હાની કરે છે. ખોટાની આશા રાખવી, એ ખોટાને આમંત્રણ કરવાની બરાબર છે. એથી ઊલટું શુભની અર્થાત્ સારાની આશા રાખવી, એ શુભને આપણા પ્રતિ આકર્ષણ તુલ્ય છે આ અધ્યાત્મ શાસ્ત્રનો નિયમ છે. મનુષ્યોને જ્યારે એ નિયમનું યથાર્થ જ્ઞાન થશે ત્યારે તેઓ ભવિષ્યમાં ખોટું થવાનું ચિંતન છોડી દઈને સારું થવાના જ ચિંતનને પ્રયત્નથી કરશે. ❋

દુઃખ જણાય ત્યારે દુઃખ સંબંધી વિચાર ન કરો, પણ તત્કાળ ચિંતન કરો કે મને દુઃખ આવ્યું જ નથી; મને દુઃખ આવવાનો સંભવ જ નથી. મારે માટે સુખ જ નિર્માણ થયું છે, અને તે જ મને પ્રાપ્ત થશે, કારણ કે હું પરમેશ્વરનો પુત્ર છું.

મનુષ્ય જ્યારે દઢપણે માને છે કે હું પરમેશ્વરનો પુત્ર છું અને તેથી સુખ વિના મને બીજું પ્રાપ્ત થવાનો સંભવ જ નથી ત્યારે સુખ તેને આવ્યા વિના રહેતું નથી.

મનથી આપણે જેવો દઢનિશ્ચય કરીએ છીએ, તેજ પ્રમાણે બાહ્ય જગતમાં આપણે અનુભવ કરીએ છીએ. મારો રોગ મટવાનો નથી. મારું દારિદ્રય ટળવાનું નથી, અને સુખ મળવાનું નથી, આવા નિશ્ચયો જેમના અંતઃકરણમાં દઢ થઈ ગયા હોય છે તેમનો રોગ, દારિદ્રય અને દુઃખ કદી જ ટળતાં નથી.

તમે ગમે તેટલા દુઃખી હો, અને ડાહ્યા ડાહ્યા કહેતા હોય કે તમારું દુઃખ ટળે એવું નથી, તો પણ જો તમારા મનમાં નિશ્ચય થાય કે આ દુઃખ ટળે એવું જ છે અને તે ટળશે જ, તો તે ટળે જ છે.

તમારું પ્રારબ્ધ ગમે તેવું ખરાબ હોય અને જોશીઓ ગમે તેટલી છાતી ઠોકીને તમને કહેતા હોય કે અમુક ગ્રહની દશામાં તમે ખરાબ ખસ્તા થવાના છો. તો પણ જો તમે મનથી માન્યું હશે કે કશું જ થવાનું નથી, અને તમારા વિચાર બદલીને શુભની જ અખંડ આશા રાખતા જો તમે થયા તો તેજ ક્ષણથી તમારું પ્રતિકૂળ પ્રારબ્ધ બદલાવાનું, અને તમને હાનિ કરનાર ગ્રહ અનુકૂળ થવાનો. ❋

તમે ગમે તેવા ભયંકર વ્યાધિથી પીડાતા હો અને મોટા મોટા નિપુણ ડોકટરો અને વૈદ્યો તમને કહે કે હવે તમે આ જગતમાં થોડા દિવસના પરોણા છો, પણ જો તમે તેમના અભિપ્રાયને તમારા અંતઃકરણમાં પ્રવેશવા ન દો, અને દઢ શ્રદ્ધાથી માનો કે હું મરવાનો નથી. અને મારો વ્યાધિ મટશે જ, તો ડોકટરો અને વૈદ્યોના અભિપ્રાય છતાં પણ તમે વ્યાધિમુક્ત થશો, અને લાંબું આયુષ્ય ભોગવશો.

અનિષ્ટની આશંકાથી અનિષ્ટનું ચિંતન કરી કરીને મનુષ્યો હાથે કરીને દુઃખી થાય છે. ❋

આજથી જ ઇષ્ટનું એટલે કલ્યાણનું ચિંતન કરો. સુખ જ પ્રાપ્ત થવાનું છે. એવી વાર્તા કરો. ઉન્નતિ થવાની છે, એવી દઢ શ્રદ્ધા રાખો, અને તદનુસાર પ્રયત્ન કરો. આમ કરતાં સુખ પ્રાપ્ત થયા વિના રહેવાનું નથી. સુખ પ્રાપ્ત થવું જ જોઇએ કારણ કે કોઈપણ વસ્તુની પ્રાપ્તિ મનમાં તેના આગ્રહ પૂર્વક થતા અખંડ ચિંતન ઉપર આધાર રાખે છે.

ઘણા મનુષ્યો દુઃખમાં અને દરિદ્રાવસ્થામાં જન્મ્યા હોય છે. તેમને ઊંચી સ્થિતિમાં આણનાર કોઈ પણ સહાયક હોતું નથી. પણ સુખની ઉચ્ચ અભિલાષાને અખંડ સેવવાથી તથા તદનુસાર પ્રયત્ન કરવાથી, બીજા કલ્પના પણ ન કરી શકે એવી ઉચ્ચ સ્થિતિએ તેઓ પહોંચ્યા હોય છે.

હજારો દુઃખ પડે તો પણ તે દુઃખોથી નરમ ઘેંશ ન થતાં પ્રસન્ન વદન રાખો, અને મનમાં દુઃખોનું ચિંતન ન કરતાં કહો કે "મારા પ્રારબ્ધમાં દુઃખ નથી પણ સુખ જ છે, મને સુખ જ મળવાનું છે. જે જે મારે જોઈશે તે સર્વ મને પ્રાપ્ત થયા વિના રહેવાનું નથી. તે તે મને પ્રાપ્ત થવાની તૈયારીમાં જ છે."

આ પ્રકારના દઢનિશ્ચય અને શ્રદ્ધા જે અંતકરણમાં છે, તે સમય જતાં સુખને જોયા વિના રહેતું જ નથી.

# ● સમાચાર સાર ●

ગઈ સાલ કાર્તિક સુદ પૂર્ણિમાના મંગલ પ્રભાતે પૂજ્ય ગુરુદેવ શ્રી ચિત્રભાનુ મહારાજના દિવ્ય હૃદયમાંથી જન્મેલી માનવ રાહતની કલ્યાણકારી પ્રવૃત્તિ આખું ય વર્ષ અખંડ રીતે ચાલી અને જેનો લાભ હજારો નહિ પણ લાખો પીડિત માનવ બંધુઓએ લીધો હતો. ફરી એ જ કાર્તિક પૂર્ણિમા આવતાં ચાતુર્માસ પરિવર્તન પોતાને આંગણે કરાવી સ્વાંગણને પાવન કરાવવા જુદા જુદા પાંચ ગૃહસ્થો વિનંતી કરવા આવ્યા હતા. તેમાં કોટ શ્રી સંઘનો આગ્રહ તો એવો રહ્યો કે આ સાલ તો ચાતુર્માસ પરિવર્તનનો લાભ કોટ સંઘને જ મળવો જોઈએ.

સૌનો આટલો બધો ઉત્સાહ અને આગ્રહ હોવા છતાં પૂ. ગુરુદેવે શ્રી મનસુખભાઈ એલ. વસાની તથા મધુરીબહેન વસાની વિનંતી માન્ય રાખી. શ્રી મનસુખભાઈ પૂ. ગુરુદેવના સહુથી પહેલા અગર તો જૂનાં ભકતોમાંના એક છે. પૂ. ગુરુદેવ આજથી ૨૩ વર્ષ પહેલાં મુંબઈમાં ઘાટકોપર પધારેલા ત્યારથી શ્રી મનસુખભાઈ નાની ઉંમર હોવા છતાં પૂ. ગુરુદેવના જ્ઞાનથી આકર્ષાઈને સતત લાભ આજ સુધી લેતા આવ્યા છે.

પૂ. ગુરુદેવશ્રી તથા મુનિરાજ શ્રી બલભદ્રસાગરજીએ તા. ૧૭–૧૧–૬૭ના રોજ સવાઆઠ વાગે કોટના ઉપાશ્રયથી વિહાર કર્યો ત્યારે સેંકડો ભાઈ-બહેનો માંગલિક સાંભળવા હાજર હતાં અને પૂ. શ્રીની સાથે વિહારમાં પણ પગપાળા ચાલતાં હતાં. ઠેરઠેર ગહુલીઓ થતી હતી, સોનારૂપાનાં ફૂલોથી સૌ વધાવતા હતા.

ઈરોઝ સિનેમા આગળ છેડા બ્રધર્સવાળા શ્રી ખીમજીભાઈ છેડાના ધર્મપત્નીએ ગહુલી કરી હતી.

આ ભવ્ય સ્વાગતયાત્રા કોટનાં શ્રી શાંતિનાથ જૈન મંદિરમાંથી નીકળીને ચર્ચગેટ થઈને મરીનડ્રાઈવ પર આવેલા "શ્રેયસ"માં શ્રી મનસુખભાઈ એલ. વસાના નિવાસસ્થાને પહોંચી હતી. જ્યાં શ્રીમતી મધુરીબહેન તથા શ્રી મનસુખભાઈએ તેમજ તેમનાં સ્વજનોએ પૂ. ગુરુદેવશ્રીનું તથા તે સમયે પધારેલા મહેમાનોનું ભાવભીનું સ્વાગત કર્યું હતું.

ત્યારબાદ મરીનડ્રાઈવ ઉપર આવેલા ભુલાભાઈ ઑડિટોરીયમમાં પૂ. ગુરુદેવનું પ્રવચન રાખવામાં આવેલું. ત્યાં બેસવાની વ્યવસ્થા સુંદર રીતે જળવાઈ હતી. માનવમેદની ઊભરાઈ જતાં બહાર પણ શ્રોતાઓ માટે વ્યવસ્થા કરવામાં આવી હતી. પ્રવચન પૂર્ણ થતાં શ્રીફળની પ્રભાવના કરવામાં આવેલી અને સૌ અનહદ આનંદ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં વીખરાયા હતા.

પ્રવચનની નોંધ પછીના અંકમાં આપવામાં આવશે.

★

દેહ એ ચેતનાનો શણગાર છે, તેમ સુંદર વસ્ત્રો એ શરીરનો શણગાર છે.

સૌન્દર્ય અને કલાના ઉપાસકોને

છેડા એરકન્ડીશન્ડ સાડી સેન્ટરની મુલાકાત લેવા સપ્રેમ નિમંત્રણ છે.

## A MAN OF WORDS AND NOT OF DEEDS IS LIKE A GARDEN FULL OF WEEDS.

### : જેન્ટસ માટે :

જયક્રૈબ્સના ટેરેલીન, ટેરીકોટન, તથા અન્ય પ્રખ્યાત મિલોના ટેરીવુલ, ડ્રેલોન અને અનેક જાતના ઊંચા તથા કલાત્મક કાપડની ખરીદી માટે પધારો.

| | | | |
|---|---|---|---|
| શાન્તિનિકેતન | બનારસી | ડ્રેલોન | ગઢવાલ |
| કાશ્મીર પ્રીન્ટ | કોઇમ્બતુર | ટેરીલીન | મેસી |
| કલકત્તા | ચંદેરી | ડેક્રોન | ચીકન |
| બેંગ્લોર | લખનઉ | વોશ એન્ડ વેર | રૂબિયા |
| કાંજીવરમ | હેન્ડલુમ | નાઇલોન જ્યોર્જેટ | ફુલવોયલ |

# * છેડા બ્રધર્સ *

ઉત્તમ કાપડની ખરીદી માટે પ્રથમ પસંદગીનું સ્થળ :

વિભાગ :

છેડા પ્રોવિઝન સ્ટોર
ઇરોઝ બિલ્ડીંગ,
ચર્ચગેટ મુંબઇ ૧
ટે. નં. ૨૪૫૨૭૧

ઇરોઝ સીનેમા બિલ્ડીંગ
ચર્ચગેટ મુંબઇ ૧
ટે. નં. ૨૪૫૯૪૦

# ✻ વેણુ અને ફીણ ✻

## ખલીલ જિબ્રાન

માત્ર એક જ વાર મને અવાક્ કરી દેવામાં આવ્યો હતો 'તું કોણ છે?' એમ એક માણસે મને પૂછ્યું ત્યારે.

✻

મારો આત્મા અને દેહ જ્યારે પરસ્પર પ્રેમથી સંલગ્ન અને સુસંવાદી બન્યા ત્યારે હું દ્વિજ બન્યો.

✻

યાદ એ મિલનનો એક પ્રકાર છે. વિસ્મરણ એ મુક્તિનું એક સ્વરૂપ છે.

અમે અસંખ્ય સૂર્યોની ગતિ અનુસાર કાળગણના કરીએ છીએ અને તેઓ નાનાં ખીસાંમાંનાં નાનકડાં યંત્રો વડે સમય પામે છે. હવે કહો જોઇએ, એક જ સ્થળે અને એક જ સમયે અમે કેવી રીતે કદીયે મળીએ?

✻

તીર્થધામને પંથે મને એક અન્ય યાત્રી મળ્યો. અને મેં તેને પૂછ્યું: "તીર્થધામ જતો રસ્તો ખરેખર આ જ છે ને?" અને તેણે કહ્યું: "મારી પાછળ પાછળ ચાલ્યા આવો અને એક દિવસ ને એક રાતમાં તીર્થધામે પહોંચી જશો." હું તો એને અનુસર્યો અને ઘણાય દિન અને ઘણીય રાતો સુધી અમે ચાલ્યાં કર્યું, છતાંય તીર્થધામે અમે ન પહોંચ્યાં. અને હું તાજુબ તો ત્યારે થયો જ્યારે મને ઊંધે રસ્તે દોરવા બદલ એ મારા પર જ ગુસ્સે થયો.

✻

ઉષાને પામવા માટે તો રજનીનો પંથ વટાવવો જ રહ્યો.

✻

મારું ઘર મને કહે છે: "મને તજીશ મા, કારણકે તારો ભૂતકાળ અહીં જ ભર્યો પડ્યો છે." અને માર્ગ મને બોલાવે છે: "આવ, અને મને અનુસર, કારણકે તારું ભાવિ હું છું."

અને ઘર તેમ જ રસ્તા બંનેને હું કહું છું; "મારે નથી કોઇ ભૂતકાળ કે નથી કોઈ ભવિષ્ય. હું અહીં રહું તો યે મારા વસવાટમાં મારું ગમન છે અને હું જઉં તોયે મારા ગમનમાં મારો નિવાસ છે. માત્ર પ્રેમ અને મૃત્યુ જ બધી વસ્તુઓનું પરિવર્તન કરે છે.

✻

ધરતીની ધૂળમાં સૂનારાંનાં સ્વપ્નાં કરતાં છત્રપલંગે પોઢનારાનાં સ્વપ્નાં વધુ સુંદર નથી હોતાં, તો પછી જીવન દેવતાના ન્યાયપરની મારી શ્રદ્ધા કેમ ગુમાવું?

✻

મારું થોડુંક દુઃખ તો અમુક સુખોની તૃષ્ણામાંથી જ જન્મ્યું છે, એ નવાઈ જેવું નથી?

✻

માનવીની કલ્પના અને સિદ્ધિઓ વચ્ચે જે અંતર છે તે તો તેની તમન્નાથી જ વટાવી શકાય.

✻

સ્વર્ગ તો પ્હેલે પડખેના ખંડના બારણા પાછળ છે, પણ મેં તેની ચાવી ખોઈ નાખી છે. કદાચ મારાથી તે માત્ર ક્યાંક આડી અવળી મુકાઇ ગઈ છે.

✻

માનવીની મહત્તા તેણે શું મેળવ્યું છે તેમાં નહિ પણ – તે શું મેળવવા ઝંખે છે તેમાં છે.

✻

જ્યારે તમે કશાક અગમ્ય અનુગ્રહ માટે ઝંખ્યા કરો છો અને કોઇ અકળ કારણે ઝૂરો છો ત્યારે સાચે જ તમામ વિકસતી વસ્તુઓ સાથે તમે વિકસો છો અને તમારી પરાચેતના પ્રત્યે અભિમુખ બનો છો.

✻

સામા માણસનું સાચું સ્વરૂપ એ શું વ્યક્ત કરે છે તેમાં નહિ, પણ એ શું વ્યક્ત કરી શકતો નથી તેમાં રહેલું છે.

તેથી તો એને પિછાનવાને એ શું બોલે છે તે પર નહિ, પણ એ શું નથી બોલતો તેના પર લક્ષ આપો.

✻

મુદ્રક, પ્રકાશક અને માનાર્હ સંપાદક શ્રી ચંદુલાલ ટી. શાહે, લિપિની પ્રિન્ટરી મુંબઈ નં. ૨ માં છપાવી, ડીવાઇન નોલેજ સોસાયટી (દિવ્ય જ્ઞાન સંઘ) માટે લેંટીન ચેમ્બર્સ, દલાલ સ્ટ્રીટ, મુંબઇ નં. ૧ માંથી પ્રગટ કર્યું છે.